GJVD020820832024

<u>ફોજદારી.કેસ.નં.૭૩૦૫૭/૨૦૨૪</u>

**-:: <u>આંક : ૧ લગત હુકમ</u> ::-**

**<u>ફરીયાદી</u> :-** શ્રી સરકાર

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી</u>:- કરણજીત રામસીંગ ચિગોટ.**

**<u>ગુનો :- પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫ (૧) મુજબ.</u>**

૧. સદર કામે આરોપી સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ-૨૦૧૬ની **કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, સમન્સ કરતા, આજરોજ આરોપી હાજર રહેલ છે. ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ રાખેલ છે. જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે.

૨. નામ. માનવંત ગુજરાત હાઈકોર્ટ ધ્વારા *STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709*નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, હાલનાં જે આરોપી/ઓ ધ્વારા કબુલાત કરવામાં આવે છે, તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઈ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતી તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધારવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

**-:: <u>આખરી હુકમ</u> ::-**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪ મુજબ ઉપરોકત ગુનામા તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂ.૨૦૦/- (અંકે રુપિયા બસો પુરા)** દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન-૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:-૧૪ મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૪ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| વડોદરા.<br>તા.૧૪/૦૯/૨૦૨૪ | **(લલિતા આઈ. ભાટી)**<br>**૭માં જ્યુડી.મેજી.ફ.ક.,વડોદરા**<br>**કોડ નં. જીજે ૦૧૬૫૬** |